સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

**WEEK 06**

**FEBRUARY-2024**
**04-02-24 To 10-02-24**


:::: સંપાદક ::::
**મૌલિક ગોંધિયા**























સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**04 FEB-2024**

- દિવસ મહિમા : 04 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)........ 02
- જ્ઞાનવાપી મસ્જિદ પર ASI સર્વે રિપોર્ટ........ 02
- ભારતીય નૌકાદળે 2024ને 'Year of Naval Civilians' તરીકે જાહેર કર્યું........ 04
- 69મો ફિલ્મફેર એવોર્ડ 2024........ 04
- QUESTION ANSWERS ........ 07

**05 FEB-2024**

- શ્રી અનિલ કુમાર લાહોતીની TRAIના અધ્યક્ષ તરીકે નિમણૂક........ 08
- INS સંધ્યાક (INS SANDHYAK)........ 08
- ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, 2024........ 09
- ભારતમાં નવી રામસર સાઈટ........ 10
- QUESTION ANSWERS ........ 13

**06 FEB-2024**

- હરિયાણાના સૂરજકૂંડ ખાતે સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ........ 14
- શ્રી લાલ કૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે........ 15
- સુશ્રી રિતુ બહારી ઉત્તરાખંડના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા........ 16
- ભારતના ગગનયાન મિશન પહેલા મહિલા રોબટ 'વ્યોમમિત્ર'ને અવકાશમાં મોકલવામાં આવશે........ 17
- QUESTION ANSWERS ........ 18

**07 FEB-2024**

- ગ્રેમી એવોર્ડ 2024........ 19
- યમનના વડાપ્રધાન : અહેમદ અવદ બિન મુબારક........ 19
- રશિયન અવકાશયાત્રી શ્રી ઓલેગ કોનોનેન્કોએ અવકાશમાં સૌથી વધુ સમય વિતાવવાનો નવો રેકોર્ડ બનાવ્યો........ 20
- QUESTION ANSWERS ........ 21

**08 FEB-2024**

- Public Examinations (Prevention of Unfair Means) Bill, 2024........ 22
- શ્રી શેરિંગ તોબગે ભૂટાનના વડાપ્રધાન તરીકે ચૂંટાયા........ 25
- QUESTION ANSWERS ........ 26

**09 FEB-2024**

- અમેરિકામાં મૃત્યુદંડની સજા માટે નાઈટ્રોજન ગેસનો ઉપયોગ........ 27
- શ્રી જસપ્રીત બુમરાહ ત્રણેય ફોર્મેટમાં નંબર-1 બનનાર પ્રથમ પેસ બોલર........ 27
- CBSE દ્વારા ક્રેડિટ સિસ્ટમની રજૂઆત........ 28
- QUESTION ANSWERS ........ 30

**10 FEB-2024**

- દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day)........ 31
- દિલ્હીમાં ટ્રાન્સજેન્ડર સમુદાય માટે મફત બસની મુસાફરી........ 31
- ગૂજરાત વિદ્યાપીઠના 17મા કુલપતી તરીકે ડો. હર્ષદ પટેલની નિમણૂક........ 31
- QUESTION ANSWERS ........ 32


**ONE LINER** ........ 33

**QUESTION OF THIS WEEK** ........ 36


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)

સમગ્ર વિશ્વમાં કેન્સર વિશે જાગૃતિ વધારવા તથા તેના નિવારણ, નિદાન અને સારવારને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 4 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ કેન્સર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC) દ્વારા વર્ષ 2008 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### વર્ષ 2022 થી 2024 સુધીની થીમ

વર્ષ 2022 થી 2024 સુધીની 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ **'Closs the Care Gap'** છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જ્ઞાનવાપી મસ્જિદ પર ASI સર્વે રિપોર્ટ

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદનો ASI સર્વે રિપોર્ટ કોર્ટના આદેશ પર હિન્દુ અને મુસ્લિમ પક્ષકારોને સોંપવામાં આવ્યો હતો.



- ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI)એ જ્ઞાનવાપી મસ્જિદનું સર્વેક્ષણ કર્યુ હતું.
- ASIએ જ્ઞાનવાપી મસ્જિદ પરના તેના વૈજ્ઞાનિક સર્વેક્ષણ અહેવાલમાં તારણ કાઢ્યું હતું કે આ સ્થળ પર 'હાલના માળખાના નિર્માણ પહેલા એક હિન્દુ મંદિર' હતું.
- જ્યાં હિન્દુ દેવી–દેવતાઓની મૂર્તિઓ સહિત કુલ 55 પથ્થરની શિલ્પો મળી આવી હતી.
- ASI અહેવાલ મુજબ 'એવું લાગે છે કે 17મી સદીમાં ઔરંગઝેબના શાસન દરમિયાન એક મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો અને તેના કેટલાક ભાગોને સંશોધિત કરીને વર્તમાન માળખામાં ફરીથી ઉપયોગમાં લેવાયા હતા.

### જ્ઞાનવાપી મસ્જિદ અંગે ASIના રિપોર્ટની મુખ્ય બાબતો

જ્ઞાનવાપી પરિસરમાં ASIએ કરેલા સર્વેક્ષણના રિપોર્ટમાં જણાવેલી માહિતી નીચે મુજબ છે :

(1) ખંડિત મૂર્તિઓની શોધ :

- સર્વેક્ષણ મસ્જિદ સંકુલમાં શ્રી હનુમાન, શ્રી ગણેશ અને શ્રી નંદી સહિત હિન્દુ દેવતાઓની મૂર્તિના અવશેષો બહાર આવ્યા છે.
- શિવલિંગ, ભગવાન વિષ્ણુ, ભગવાન ગણેશ, ભગવાન કૃષ્ણ અને શ્રી હનુમાન દાદાની મૂર્તિઓ સહિત વિવિધ મૂર્તિઓ ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવી હતી.

(2) શિવલિંગ :

- સર્વેક્ષણ દરમિયાન શિવલિંગનો આધાર એવા કેટલાક પટ્ટાઓ મળી આવ્યા હતા.
- એક શિવલિંગ પણ મળી આવ્યું હતું, જેમાં નીચેનો ભાગ ગાયબ હતો.

(3) ભારતીય શિલાલેખો :

- દેવનાગરી, ગ્રંથ, તેલુગુ અને કન્નડ લિપિમાં લખેલા 32 શિલાલેખો મળી આવ્યા હતા.
- તે વાસ્તવમાં પૂર્વ–અસ્તિત્વમાં રહેલા હિન્દુ મંદિરના પથ્થરના શિલાલેખ છે. જેનો હાલના માળખાના બાંધકામ અને નવીનીકરણીય દરમિયાન ફરીથી ઉપયોગ કરવામાં આવ્યો છે.
- સંરચનામાં પ્રાચીન શિલાલેખોનો પુનઃઉપયોગ સૂચવે છે કે અગાઉની રચનાઓનો નાશ કરવામાં આવ્યો હતો અને તેમના ભાગોનો હાલની સંરચનાના બાંધકામ અને સમરકામમાં પુનઃઉપયોગ કરવામાં આવ્યો હતો.

(4) સ્વસ્તિક અને ત્રિશુલના ચિન્હો :

- સંરચના પર સ્વસ્તિક અને ત્રિશુલ સહિત અન્ય ચિન્હો જોવા મળ્યા હતા.
- સ્વસ્તિકને સૌથી જૂના પ્રતીકોમાંનું એક માનવામાં આવે છે અને તેનો ઉપયોગ તમામ પ્રાચીન સંસ્કૃતિઓ દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI)ને જ્ઞાનવાપી મસ્જિદમાં તેના સમગ્ર સર્વેક્ષણ દરમિયાન ફક્ત 'બિન–આક્રમક પદ્ધતિ'નો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

(2) ભારતમાં એવી ઘણી જગ્યાઓ છે જ્યાં ખોદકામની મંજૂરી નથી, આવી સ્થિતિમાં નિર્મિત સંરચનાના આંતરિક ભાગની તપાસ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિને બિન–આક્રમક પદ્ધતિ કહેવામાં આવે છે.

(3) જ્ઞાનવાપી મસ્જિદ ઉત્તરપ્રદેશના વારાણસીમાં સ્થિત છે.

(4) ASI સંસ્કૃતિ મંત્રાલય હેઠળ પુરાતત્ત્વીય સંશોધન અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટેની અગ્રણી સંસ્થા છે.

(5) ASIની સ્થાપના વર્ષ 1861માં ASIના પ્રથમ મહાનિર્દેશક એલકઝાન્ડર કનિંગહામ દ્વારા કરવામાં આવી હતી.

(6) એલેકઝાન્ડર કનિંગહામને 'ભારતીય પુરાતત્ત્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ભારતીય નૌકાદળે 2024ને 'Year of Naval Civilians' તરીકે જાહેર કર્યુ



ભારતીય નૌકાદળે નાગરિક માનવ સંસાધન વ્યવસ્થાપનના તમામ પાસાઓને સમયબદ્ધ રીતે સંબોધીને નૌકાદળના નાગરિકોના વહીવટ, કાર્યક્ષમતા અને કલ્યાણમાં સુધારો કરવા માટે 2024ને 'Year of Naval Civilians' (નૌકાદળના નાગરિકોનું વર્ષ) તરીકે જાહેર કર્યુ છે.

- 2024માં અમલીકરણ માટે વહીવટી કાર્યક્ષમતા, ડિજિટલ પહેલ, સામાન્ય અને વિશિષ્ટ તાલીમ કાર્યક્રમ અને કલ્યાણ પ્રવૃત્તિઓને મહત્તમ બનાવવા તરફના મુખ્ય ફોકસ ક્ષેત્રોની ઓળખ કરવામાં આવી હતી.
- નૌકાદળના નાગરિક કર્મચારીઓ ભારતીય નૌકાદળના કુલ કાર્યબળના આશરે એક તૃતીયાંશ ભાગ ધરાવે છે અને તમામ ક્ષેત્રોમાં તેની કાર્યકારી અસરકારકતામાં નોંધપાત્ર યોગદાન આપે છે.
- નાગરિક કર્મચારીઓ કમાન્ડ હેડક્વાર્ટર, ડોકયાર્ડ, મટીરિયલ, ઓર્ગેનાઈઝેશન, નેવલ આર્મમેન્ટ ડેપો, નેવલ આર્મામેન્ટ ઈન્સ્પેક્ટરો, તાલીમ સંસ્થાઓ અને અન્ય ઘણા પ્રકારના સપોર્ટ યુનિટ જેવા નૌકાદળના માળખાના એકંદર પ્રદર્શનને પ્રભાવિત કરે છે.
- 'Year of Naval Civilians'નો હેતુ વહીવટ, તાલીમ, કલ્યાણ અને નાગરિક માનવ સંસાધન વ્યવસ્થાપનના અન્ય પાસાઓ પર કેન્દ્રિત પહેલો દ્વારા શાસનને સુધારવા અને નેવલ નાગરિકોની કાર્યક્ષમતા વધારવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 69મો ફિલ્મફેર એવોર્ડ 2024

તાજેતરમાં 27-28 જાન્યુઆરી, 2024 દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે હિન્દી ફિલ્મો માટેના વર્ષ 2024ના 69માં ફિલ્મફેર એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું.

- આ ઈવેન્ટમાં કરણ જોહર દ્વારા હોસ્ટિંગ અને કરિના કપૂર, કરિશ્મા કપૂર, વરૂણ ધવન અને કાર્તિક આર્યન દ્વારા પર્ફોમન્સ આપવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત આ એવોર્ડ સમારંભ ગુજરાત પ્રવાસન નિગમના સહકારથી યોજાયો હતો.




- ગિફ્ટ સિટીમાં યોજાયેલા આ સમારોહમાં સંગીત–નૃત્યનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયા હતા.
- નોંધનીય છે કે ગુજરાતે તાજેતરમાં જ નવી સિનેમેટીક પોલિસીની જાહેરાત કરી છે જેના ભાગરૂપે ગુજરાતના સ્થળોને સિનેમાના માધ્યમથી લોકોના માનસ પર વ્યાપક ઊંડી અસર રહે તે માટે જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ફિલ્મફેર એવોર્ડ 2024

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ (લોકપ્રિય) | 12th Fail |
| 2 | બેસ્ટ ડિરેક્ટર (લોકપ્રિય) | શ્રી વિધુ વિનોદ ચોપરા (12th Fail) |
| 3 | બેસ્ટ એક્ટર (લોકપ્રિય) | શ્રી રણબીર કપુર (એનિમલ માટે) |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ (લોકપ્રિય) | સુશ્રી આલિયા ભટ્ટ (રોકી ઓર રાની કી પ્રેમ કહાની માટે) |
| 5 | બેસ્ટ સહાયક એક્ટર | શ્રી વિકી કૌશલ (ડંકી માટે) |
| 6 | બેસ્ટ સહાયક અભિનેત્રી | સુશ્રી શબાના આઝમી (રોકી ઓર રાની કી પ્રેમ કહાની માટે) |
| 7 | બેસ્ટ ફિલ્મ (ક્રિટીક્સ) | જોરામ (દેવાશીષ માખીજા) |
| 8 | બેસ્ટ એક્ટર (ક્રિટીક્સ) | શ્રી વિક્રાંત મેસી (12th Fail) |
| 9 | બેસ્ટ એક્ટ્રેસ (ક્રિટીક્સ) | સુશ્રી રાની મુખર્જી (શ્રીમતી ચેટર્જી વિ. નોર્વે), સુશ્રી શેફાલી શાહ (થ્રી ઓફ અસ) |
| 10 | બેસ્ટ સોન્ગ | શ્રી અમિતાભ ભટ્ટાચાર્ય (તેરે વાસ્તે–જરા હટકે જરા બચકે) |
| 11 | લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | શ્રી ડેવિડ ધવન |

**નોંધ :** (1) 69માં ફિલ્મફેર એવોર્ડ 2024 માટે સૌથી વધુ 6 પુરસ્કાર 'એનિમલ' ફિલ્મને મળ્યા હતા.

(2) જ્યારે 69માં ફિલ્મફેર એવોર્ડ 2024 માટે સૌથી વધુ નામાંકન 'રોકી ઓર રાની કી પ્રેમ કહાની' ફિલ્મને 20 નોમિનેશન મળ્યા હતા.

(3) 12th Fail ફિલ્મના ડિરેક્ટર શ્રી વિધુ વિનોદ ચોપરા છે. તે મહારાષ્ટ્ર કેડરના IPS અધિકારી શ્રી મનોજ કુમાર શર્મા વિશે બનેલી ફિલ્મ છે. અને અનુરાગ પાઠક દ્વારા લખાયેલ 2019 Emponymous non-fiction બુક પર આધારિત છે, જેમણે ઈન્ડિયન પોલિસ સર્વિસ (IPS) અધિકારી બનવા માટે અત્યંત ગરીબીને માત આપી હતી.

(4) એનિમલ ફિલ્મના ડિરેક્ટર શ્રી સંદીપ રેડ્ડી વાંગા છે.

(5) ભારતમાં ફિલ્મફેર એવોર્ડનો પ્રારંભ 21 માર્ચ, 1954થી થયો હતો.

(6) ટાઈમ્સ ગ્રુપના અંગ્રેજી મેગેઝિન 'FILMFARE' દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી — (C)

2. વર્ષ 2024ની (અથવા તો 2022 થી 2024 સુધીની) 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ શું છે ?

(A) I Can We Can (B) We Can I Can

(C) Closs the Care Gap (D) Cancer, Care-gap — (C)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ જ્ઞાનવાપી મસ્જિદ કયા શહેરમાં સ્થિત છે ?

(A) વારાણસી (B) અજમેર (C) દિલ્હી (D) મુંબઈ — (A)

4. ભારતીય નૌકાદળે કયા વર્ષને 'Year of Naval Civilians' તરીકે જાહેર કર્યુ છે ?

(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2025 — (C)

5. જાન્યુઆરી, 2024માં ભારતમાં 69મો ફિલ્મફેર એવોર્ડ સમારોહ કયાં યોજાયો હતો ?

(A) મુંબઈ (B) ગાંધીનગર (C) દિલ્હી (D) ગોવા — (B)

6. 69માં ફિલ્મફેર એવોર્ડ 2024માં 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને આપવામાં આવ્યો છે ?

(A) 12th Fail (B) જવાન (C) ડંકી (D) ગદર-2 — (A)

7. 69માં ફિલ્મફેર એવોર્ડ 2024માં 'બેસ્ટ એક્ટર'નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી રણબીર કપુર (B) શ્રી રણવીર સિંહ (C) શ્રી રાજકુમાર રાવ (D) શ્રી ટાઈગર શ્રોફ — (A)

8. 12th Fail ફિલ્મના ડિરેક્ટર કોણ છે ?

(A) શ્રી રાજકુમાર સંતોષી (B) શ્રી અજય વેણુગોપાલન

(C) શ્રી રોહિત ધવન (D) શ્રી વિધુ વિનોદ ચોપરા — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી અનિલ કુમાર લાહોતીની TRAIના અધ્યક્ષ તરીકે નિમણૂક




તાજેતરમાં રેલવે બોર્ડના ભૂતપૂર્વ ચીફ શ્રી અનિલ કુમાર લાહોટીને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના નવા ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- TRAIના ભૂતપૂર્વ વડા પી.ડી. વાઘેલાનો બે વર્ષનો કાર્યકાળ પૂરો થતા નવેમ્બર, 2023થી આ પદ ખાલી હતું.
- TRAIના અધ્યક્ષ તરીકે પદનો ચાર્જ સંભાળ્યાની તારીખથી ત્રણ વર્ષના સમયગાળા માટે શ્રી અનિલ કુમારની નિમણૂકને મંજૂરી આપી છે.
- શ્રી અનિલ કુમાર લાહોતી (લાહોટી) અગાઉ રેલવે બોર્ડના અધ્યક્ષ રહી ચૂક્યા છે.
- તેઓ 1984 બેચના ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ એન્જિનિયર (IRSE) છે.

**નોંધ :** (1) ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ની સ્થાપના 20 ફેબ્રુઆરી, 1997ના રોજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, 1997 હેઠળ કરવામાં આવી હતી.

(2) TRAIનું ધ્યેય દેશમાં ટેલિકોમ્યુનિકેશન વિકાસ માટે પરિસ્થિતિઓ બનાવવાનું અને તેનું પાલન કરવાનું છે તથા તે ટેલિકોમ સેવાઓનું નિયમન કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS સંધ્યાક (INS SANDHYAK)



સંરક્ષણ અને દરિયાઈ શક્તિને ઉત્તેજન આપતા ભારતનું અત્યાર સુધીનું સૌથી મોટું સર્વેક્ષણ જહાજ 'INS સંધ્યાક'ને તાજેતરમાં વિશાખાપટ્ટનમ નેવલ ડોકયાર્ડ ખાતે આયોજિત એક પ્રભાવશાળી સમારોહમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહની હાજરીમાં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

- INS સંધ્યાક 5 ડિસેમ્બર, 2021ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વ્યાપક ફિટિંગ અને ટ્રાયલ કરવામાં આવ્યા હતા.

### INS સંધ્યાક

આ જહાજ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) કોલકાતા ખાતે બનાવવામાં આવી રહેલા ચાર સર્વે વેસલ (મોટા) જહાજોની શ્રેણીમાં તે પ્રથમ છે.

- આ જહાજ લગભગ 3400 ટનનું વિસ્થાપન અને 110 મીટરની એકંદર લંબાઈ ધરાવે છે.
- આ SVL અદ્યતન સુવિધાઓથી સજ્જ છે, જે વ્યાપક દરિયાકાંઠાના અને હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણને સક્ષમ કરે છે.
- તે ખાસ કરીને પોર્ટ અને હાર્બર અભિગમોનું સર્વેક્ષણ કરવામાં, નેવિગેશન ચેનલોને ચાર્ટ કરવા અને સંરક્ષણ એપ્લિકેશનો માટે નિર્ણાયક દરિયાઈ ડેટા એકત્રિત કરવામાં શ્રેષ્ઠ છે.
- દરેક SVL હેલિકોપ્ટરને સમાવવા માટે તે સજ્જ છે, તે વિવિધ કામગીરીની સુવિધા આપે છે.
- તે બે ડીઝલ એન્જિન દ્વારા સંચાલિત 18 નોટથી વધુની ટોપ સ્પીડ ધરાવે છે.
- INS સંધ્યાક પાસે કિંમતની દષ્ટિએ 80% થી વધુ સ્વદેશી સામગ્રી છે અને તે ભારતીય નૌકાદળ અને સ્થાનિક ઉદ્યોગ વચ્ચેના સહયોગી પ્રયાસોનું પ્રમાણપત્ર છે.

**નોંધ:** (1) આ નવું જહાજ અગાઉના INS સંધ્યાકનું પુરોગામી છે. જેણે 1981 થી 2021 સુધી ભારતીય નૌકાદળમાં સેવા આપી હતી.

(2) GRSEના ચાર જહાજોમાં INS સંધ્યાક, INS નિર્દેશક, INS ઈક્ષક અને INS સંશોધકનો સમાવેશ થાય છે.

## ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, 2024

ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, 2024 19 જાન્યુઆરી થી 31 જાન્યુઆરી, 2024 દરમિયાન તમિલનાડુના ચાર શહેરો ચેન્નાઈ, ત્રિચી, મદુરાઈ અને કોઈમ્બતુરમાં યોજાઈ હતી.

- વર્ષ 2024માં યોજાયેલ આ 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ'ની છઠ્ઠી આવૃત્તિ હતી.
- ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2024માં સમગ્ર દેશમાંથી 5600થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- જેમાં મહારાષ્ટ્ર 57 ગોલ્ડ, 48 સિલ્વર અને 53 બ્રોન્ઝ સહિત કુલ 158 મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચના સ્થાને રહ્યું હતું.

KHELO INDIA YOUTH GAMES

## ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ મેડલ ટેલી 2024

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | મહારાષ્ટ્ર | 57 | 48 | 53 | 158 |
| 2 | તમિલનાડુ | 38 | 21 | 39 | 98 |
| 3 | હરિયાણા | 35 | 22 | 46 | 103 |
| 4 | દિલ્હી | 13 | 18 | 25 | 56 |
| 5 | રાજસ્થાન | 13 | 17 | 17 | 47 |
| 15 | ગુજરાત | 6 | 7 | 12 | 25 |

**નોંધ:**
(1) ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ એ ભારતમાં શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સ્તરની બહુ–શિસ્ત રમત સ્પર્ધા છે.
(2) આ ગેમ્સ દર વર્ષે જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીમાં યોજવામાં આવે છે અને તે સરકારની ખેલો ઈન્ડિયા પહેલનો એક ભાગ છે.
(3) ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની અગાઉની 5 આવૃત્તિઓ દિલ્હી, પુણે, ગુવાહાટી, પંચકુલા અને ભોપાલમાં યોજાઈ ચૂકી છે.
(4) ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2024નું માસ્કોટ 'વીરા મંગાઈ' હતું, રાણી વેલુ નાચિયાર, જેને પ્રેમથી વીરા મંગાઈ કહેવામાં આવે છે. તે એક ભારતીય રાણી હતા જેણે બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામે યુદ્ધ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં નવી રામસર સાઈટ

તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જાહેરાત કરી હતી કે વિશ્વ આદ્રભૂમિ 2024ની પૂર્વસંધ્યાએ ભારતે પાંચ નવી આદ્રભૂમિ અથવા વેટલેન્ડ્સને રામસર સાઈટ્સ તરીકે જાહેર કરી છે.

- આ સાથે ભારતમાં રામસર સાઈટની સંખ્યા 75થી વધીને 80 થઈ ગઈ છે.
- તેમાંની ત્રણ સાઈટ્સ અંકસમુદ્ર બર્ડ કન્ઝર્વેશન રિઝર્વ, અઘનાશિની એસ્ટયુરી (નદીમુખ) અને મગાદી કેરે કન્ઝર્વેશન કર્ણાટકમાં સ્થિત છે.
- જ્યારે બે કરાઈવેટ્ટી પક્ષી અભયારણ્ય અને લોન્ગવુડ શોલા રિઝર્વ ફોરેસ્ટ તમિલનાડુમાં સ્થિત છે.
- નોંધનીય છે કે રામસર સાઈટની સૌથી વધુ સંખ્યા તમિલનાડુ (16 સાઈટ્સ)માં છે, ત્યારબાદ ઉત્તરપ્રદેશ (10 સાઈટ્સ)માં છે.

## 5 નવી નિયુક્ત રામસર સાઈટ વિશે

| ક્રમ | રામસર સાઈટ | રાજ્ય | વિશેષતા |
|---|---|---|---|
| 1 | અંકસમુદ્ર બર્ડ કન્ઝર્વેશન રિઝર્વ | કર્ણાટક | – તે માનવસર્જિત ગ્રામીણ સિંચાઈ ટાંકી છે, જે સદીઓ પહેલા બનાવવામાં આવી હતી અને અંકસમુદ્રા ગામ નજીક 244.04 એકર વિસ્તારમાં ફેલાયેલી છે.<br>– જ્યાં 30,000થી વધુ પક્ષીઓનો વસવાટ છે.<br>– તે પોઈન્ટેડ સ્ટોર્ક અને બ્લેક હેડેડ આઈબીસની જૈવ ભૌગોલિક વસતીના 1%થી વધુને સમર્થન આપે છે. |
| 2 | અઘનાશિની એસ્યુટરી (નદીમુખ) | કર્ણાટક | – તે 4,801 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે અને અરબી સમુદ્ર અને અઘનાશિની નદીના સંગમ પર સ્થિત છે.<br>– નદી મુખોના ખારા પાણી પુર અને ધોવાણના જોખમને ઘટાડવા, જૈવવિવિધતા સંરક્ષણ અને આજીવિકા સહાય સહિત વિવિધ ઈકોસિસ્ટમ પ્રદાન કરે છે.<br>– આ વેટલેન્ડ્સ માછીમારી, ખેતી, કરચલાઓનો સંગ્રહ, ઝીંગા જળચરઉછેર, નંદીના ચોખાના ખેતરોમાં પરંપરાગત માછીમારી (સ્થાનિક રીતે ગઝની ચોખાના ખેતરો તરીકે ઓળખાય છે) અને મીઠાના ઉત્પાદનોને ટેકો આપીને પણ આજીવિકા પૂરી પાડે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 3 | મગાદી કેરે સંરક્ષણ રિઝર્વ | કર્ણાટક | – તે અંદાજે 50 હેક્ટર વિસ્તાર ધરાવતું માનવસર્જિત વેટલેન્ડ છે, જે સિંચાઈના હેતુઓ માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે બનાવવામાં આવ્યું હતું.<br>– તે પક્ષીઓની 166થી વધુ પ્રજાતિઓનું ઘર છે, જેમાંથી 130 સ્થળાંતરિત છે.<br>– તે બે સંવેદનશીલ પ્રજાતિઓ અને ચાર નજીકના જોખમી પ્રજાતિઓને આશ્રય આપે છે તથા શિયાળા દરમિયાન લગભગ 8000 પક્ષીઓ આ સ્થળની મુલાકાત લે છે. |
| 4 | કરાઈવેટ્ટી પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – ભીની જમીનના પાણીનો ઉપયોગ ગ્રામજનો ડાંગર, શેરડી, કપાસ, મકાઈ અને લાલ ચણા જેવા કૃષિ પાકની ખેતી કરવા માટે કરે છે.<br>– પક્ષીઓની અહીં 198 પ્રજાતિઓ નોંધવામાં આવી છે. |
| 5 | લોન્ગવુડ શોલ રિઝર્વ ફોરેસ્ટ | તમિલનાડુ | – તેનું નામ તમિલ શબ્દ ‘સોલાઈ’ પરથી ઉતરી આવ્યું છે, જેનો અર્થ થાય છે ‘ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલ’<br>– શોલા તમિલનાડુમાં નીલગીરી, પલાની હિલ્સ, કાલકાડુ, મુંડન્થુરાઈ અને કન્યાકુમારીના ઉપરના ભાગમાં જોવા મળે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) રામસર સંમેલન એ એક આંતર–સરકારી સંધિ છે, જે કેસ્પિયન સમુદ્રના દક્ષિણ કિનારે સ્થિત ઈરાની શહેર રામસરમાં 2 ફેબ્રુઆરી, 1971ના રોજ અપનાવવામાં આવી હતી.

(2) ભારતમાં 1 ફેબ્રુઆરી, 1982ના રોજ લાગુ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ભીની જમીનોને રામસર સાઈટ્સ તરીકે જાહેર કરવામાં આવી હતી.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અનિલકુમાર લોહતી (B) શ્રી પંકજકુમાર જોષી
(C) શ્રી સુનિલકુમાર અઢિયા (D) શ્રી સંજયકુમાર આહુજા (A)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'INS સંધ્યાક' શું છે ?

(A) તટરક્ષક પેટ્રોલિંગ જહાજ
(B) હાઈડ્રોગ્રાફિક સર્વે જહાજ
(C) ભારતીય નૌકાદળનું અદ્યતન ક્રૂડ ઓઈલ જહાજ
(D) ન્યુક્લિયર સબમરીન (B)

3. તાજેતરમાં 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, 2024'ની છઠ્ઠી આવૃત્તિ કયા રાજ્યમાં યોજાઈ હતી ?

(A) ઓડિશા (B) આસામ (C) અરૂણાચલ પ્રદેશ (D) તમિલનાડુ (D)

4. 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, 2024'માં મેડલ ટેલીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) હરિયાણા (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) પંજાબ (C)

5. તાજેતરમાં ભારતમાં પાંચ નવી રામસર સાઈટ જાહેર કરવામાં આવી છે. આ સાથે ભારતમાં રામસર સાઈટની કુલ સંખ્યા કેટલી થઈ છે ?

(A) 80 (B) 85 (C) 88 (D) 92 (A)

6. તાજેતરમાં 'અંકસમુદ્ર બર્ડ કન્ઝર્વેશન રિઝર્વ', 'અઘનાશિની એસ્યુટરી (નદીમુખ)' અને 'મગાદી કેરે કન્ઝર્વેશન'ને રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) કેરળ (D) પશ્ચિમ બંગાળ (B)

7. તાજેતરમાં 'કરાઈવેટ્ટી પક્ષી અભયારણ્ય' અને 'લોન્ગવુડ શોલા રિઝર્વ ફોરેસ્ટ'ને રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?


(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) કેરળ (D) પશ્ચિમ બંગાળ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હરિયાણાના સૂરજકૂંડ ખાતે સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ હરિયાણાના ફરિદાબાદમાં 37માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળાનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.

- 2 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી, 2024 દરમિયાન હરિયાણાના ફરિદાબાદ જિલ્લાના સૂરજકુંડ ખાતે '37મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો 2024' (37th Surjkund International Crafts Mela 2024)નું આયોજન કરવામાં આવ્યું હતું.



- સૂરજકુંડ ખાતે યોજાતો આ મેળો વિશ્વનો સૌથી મોટો હસ્તકલા મેળો છે.
- સૂરજકુંડ ખાતે યોજાતા આ મેળાનો પ્રારંભ વર્ષ 1987થી થયો હતો.
- આ મેળામાં લાખો પ્રવાસીઓ ભાગ લે છે.
- આ મેળામાં અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કારીગરો પોતાની કલા તથા સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે.

### મેળાનું આયોજન

આ મેળાનું આયોજન દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં સૂરજકુંડ મેળા ઓથોરિટી અને હરિયાણા ટુરિઝમ દ્વારા કેન્દ્રીય પ્રવાસન, કાપડ, સંસ્કૃતિ અને વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવે છે.

### ભાગીદાર રાજ્ય/થીમ સ્ટેટ

સૂરજકુંડ મેળાનું આયોજન દર વર્ષે એક નવી થીમ પર કરવામાં આવે છે. અને તેના આધારે મેળાને શણગારવામાં આવે છે.

- આ અંતર્ગત આ મેળામાં થીમ સ્ટેટ તરીકે આ વર્ષે 'ગુજરાત' રાજ્ય છે.
- આ મેળો ગુજરાતનો સમૃદ્ધ સાંસ્કૃતિક, પરંપરાઓ, લોકકથાઓ, સંગીત અને કલાત્મકતાને જીવંત પ્રદર્શનમાં પ્રતિબિંબિત કરશે.

### ભાગીદાર રાષ્ટ્ર

તાંઝાનિયા એ 37માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો 2024માં ભાગીદાર રાષ્ટ્ર છે.


- તાંઝાનિયા તેના લેન્ડસ્કેપ અને વૈવિધ્યસભર વન્યજીવન, વાઈબ્રન્ટ કલાત્મક અભિવ્યક્તિ માટે કેનવાસ, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને શહેરી કેન્દ્રોમાં સમકાલીન કલાના દશ્યો માટે મસાઈના મણકાની રચના માટે જાણીતું છે.
- તાંઝાનિયાનું સ્થાનિક કલા અને હસ્તકલાનું દશ્ય દેશની સર્જનાત્મકતા અને પરંપરાઓનું પ્રમાણપત્ર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કઝાકિસ્તાન, ચીન, રશિયા, ઉઝબેકિસ્તાન, અજરબૈજાન, આર્મેનિયા, તુર્કી, કંબોડિયા, UAE વગેરેએ 37માં સૂરજકુંડ હસ્તકલા મેળામાં ભાગ લીધો છે.

## શ્રી લાલ કૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે

તાજેતરમાં સરકારે જાહેરાત કરી છે કે પીઢ નેતા શ્રી લાલ કૃષ્ણ અડવાણીને દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે.



### શ્રી લાલ કૃષ્ણ અડવાણી

શ્રી લાલ કૃષ્ણ અડવાણીનો જન્મ 8 નવેમ્બર, 1927ના રોજ બ્રિટિશ ભારતના કરાચીમાં સિંધી પરિવારમાં થયો હતો.


- શ્રી લાલ કૃષ્ણ અડવાણીએ કરાચીની સેન્ટ પેટ્રિક હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો અને બાદમાં ડીજી નેશનલ કોલેજમાં અભ્યાસ કર્યો હતો.
- ભારત–પાકિસ્તાન વિભાજન બાદ તેમનો પરિવાર બોમ્બે ગયો હતો, જ્યાં તેમણે સરકારી લો કોલેજમાંથી કાયદાની ડિગ્રી પૂર્ણ કરી હતી.
- શ્રી લાલ કૃષ્ણ અડવાણીજી 1941માં 14 વર્ષની વયે 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' (RSS)માં જોડાયા હતા.
- તેઓ શાખાઓ ચલાવતા પ્રચારક (સંપૂર્ણ સમય કાર્યકર) બન્યા હતા અને 1947માં કરાચી એકમના સેક્રેટરી બન્યા હતા.
- ભારત–પાકિસ્તાન વિભાજન બાદ તેમણે 1952 સુધી રાજસ્થાનના વિવિધ જિલ્લાઓમાં પ્રચારક તરીકે કામ કર્યું હતું.
- શ્રી લાલ કૃષ્ણ અડવાણીજી શરૂઆતમાં ભારતીય જન સંઘ (BJS)ના સભ્ય બન્યા હતા, જે એક રાજકીય પક્ષ છે જેની સ્થાપના 1951માં શ્રી શ્યામા પ્રસાદ મુખર્જીએ RSSના સહયોગથી કરી હતી.
- 1970માં તેઓ દિલ્હીથી રાજ્યસભાના સભ્ય બન્યા હતા.
- 1973માં તેઓ પક્ષની કાર્યકારી સમિતિની બેઠકના કાનપુર સત્રમાં ભારતીય જન સંઘ (BJS)ના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 1980માં શ્રી અટલ બિહારી વાજપેયી સાથે ભારતીય જનતા પાર્ટી (BJP)ની સ્થાપના કરવામાં મદદ કરી હતી. (સહ–સ્થાપક)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટી હિંદુ રાષ્ટ્રવાદી વિચારધારા પર આધારિત એક મોટી રાજકીય શક્તિ તરીકે ઉભરી આવ્યું હતું.




- તેઓ 1986-1991 અને ફરીથી 1993-1998 સુધી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ હતા.
- તેઓ 1991-1993 સુધી લોકસભામાં વિપક્ષના નેતા હતા.
- શ્રી લાલ કૃષ્ણ અડવાણીએ તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજી હેઠળ 1998-2004 સુધી ગૃહ મંત્રી અને 2002 થી 2004 સુધી નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- નોંધનીય છે કે તેઓ ભારતના 7મા નાયબ વડાપ્રધાન હતા.
- આ ઉપરાંત તેમણે કોલસા અને ખાણ મંત્રી, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રી, ગૃહ મંત્રી અને માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે કેન્દ્રમાં સેવા આપી હતી.
- વર્ષ 1990માં શ્રી લાલ કૃષ્ણ અડવાણીએ રામ જન્મભૂમિ ચળવળ માટે સ્વયંસેવકોને એકત્ર કરવા માટે રથ સાથેની એક સરઘસ 'શ્રી રામ રથયાત્રા'ની શરૂઆત કરી હતી.



- ગુજરાતના સોમનાથથી આ શોભાયાત્રાની શરૂઆત થઈ હતી અને અયોધ્યા પહોંચી હતી.
- તેઓએ 1970 થી 1989 એમ ચાર વખત રાજ્યસભાના સાંસદ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે પણ સેવા આપી હતી.
- વર્ષ 1989માં તેઓ પ્રથમ વખત લોકસભામાં ચૂંટાયા હતા જ્યાં તેમણે સાત ટર્મ સુધી સેવા આપી હતી.
- નોંધનીય છે કે તેઓ ગુજરાતના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રથી 1998 થી 2014 સુધી પાંચ વાર સાંસદ સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- શ્રી લાલ કૃષ્ણ અડવાણીને વર્ષ 2015માં પદ્મ વિભૂષણથી અને 2024માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** વર્ષ 2024ના ICE Magic Week-4 એટલે કે અંક 4માં 'ભારત રત્ન' વિશેની સંપૂર્ણ માહિતી આપેલી છે. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

## સુશ્રી રિતુ બહારી ઉત્તરાખંડના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા



તાજેતરમાં સુશ્રી રિતુ બહારીની ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે તેઓ ઉત્તરાખંડ હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે.

- ઉત્તરાખંડ રાજ્યના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહ (નિવૃત્ત)એ તેમને ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકેના શપથ લેવડાવ્યા હતા.
- ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા પહેલા તેમણે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં જજ તરીકે સેવા આપી હતી.

## ભારતના ગગનયાન મિશન પહેલા મહિલા રોબટ 'વ્યોમમિત્ર'ને અવકાશમાં મોકલવામાં આવશે.



તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે જાહેરાત કરી હતી કે મહિલા રોબટ અવકાશયાત્રી 'વ્યોમમિત્ર' (Vyommitra) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના મહત્ત્વાકાંક્ષી ગગનયાન મિશન પહેલા અવકાશમાં ઉડાન ભરશે.

- વ્યોમ મિત્ર નામનો આ સ્પેસ–બોર્ન રોબટ આ વર્ષના અંતમાં ક્રિટિકલ સિસ્ટમ્સનું પરીક્ષણ કરવા માટે અવકાશમાં ઉડાન ભરશે.
- આ મહિલા હ્યુમોનોઈડ રોબટ ભ્રમણકક્ષામાં ફરતા અવકાશયાનમાં માનવ ક્રિયાઓનું અનુકરણ કરવા માટે સજ્જ છે.
- વ્યોમ મિત્ર એ ISRO દ્વારા વિકસિત 40 કિલો વજનનો અર્ધ–માનવ કદનો રોબટ છે.
- અવકાશયાન પર માનવ પ્રવૃત્તિઓનું અનુકરણ કરીને વ્યોમ મિત્ર ISRO એન્જિનિયરોને ક્રૂડ ફ્લાઈટ્સ પહેલા ગગનયાન મોડ્યુલની સલામતીનું સંપૂર્ણ પરીક્ષણ કરવાની મંજૂરી આપશે.
- વ્યોમ મિત્ર ઓર્બિટલ મોડ્યુલની અંદર અનેક કંટ્રોલ પેનલ ઓપરેટ કરી શકે છે.
- તે અવકાશયાન મોડ્યુલની અંદર પરિમાણોને મોનિટર કરી શકે છે.
- તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓનો ઉપયોગ કરીને મિશન દરમિયાન પ્રશ્નો અને વાતચીતનો જવાબ પણ આપી શકે છે.

**નોંધ :** (1) વર્ષ 2025 સુધીમાં ભારતીય અવકાશ યાત્રીઓને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાના લક્ષ્ય સાથે ગગનયાન મિશન ઘણા વર્ષોથી વિકાસમાં છે.

(2) રશિયા, યુએસ અને ચીન પછી સ્વતંત્ર માનવ મિશન ક્ષમતા ધરાવતો ચોથો દેશ તરીકે ભારતની આ પ્રથમ માનવસહિત અવકાશ ઉડાન હશે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?<br>(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ | (B) |
| 2. | તાજેતરમાં ભારતમાં હરિયાણામાં આવેલ કયા સ્થળે વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?<br>(A) સૂરજકુંડ, જિ. ફરિદાબાદ (B) સૂરજકુંડ, જિ. ફતેહબાદ<br>(C) સૂરજકુંડ, જિ. ગુરુગ્રામ (D) સૂરજકુંડ, જિ. પાણીપત | (A) |
| 3. | વર્ષ 2024માં હરિયાણાના ફરિદાબાદ જિલ્લામાં કેટલામો 'સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો' યોજાયો હતો ?<br>(A) 34મો (B) 35મો (C) 36મો (D) 37મો | (D) |
| 4. | તાજેતરમાં હરિયાણામાં '37મો સૂરજકુંડ હસ્તકલા મેળો 2024'માં થીમ સ્ટેટ તરીકે કયા રાજ્ય / કેન્દ્રશાસિતની પસંદગી કરવામાં આવી હતી ?<br>(A) ગુજરાત (B) હિમાચલ પ્રદેશ (C) રાજસ્થાન (D) ગોવા | (A) |
| 5. | તાજેતરમાં હરિયાણામાં યોજાયેલા '37માં સૂરજકુંડ હસ્તકલા મેળો 2024'માં કયો દેશ 'ભાગીદાર રાષ્ટ્ર' છે ?<br>(A) ઈજિપ્ત (B) કેન્યા (C) તાંઝાનિયા (D) કિર્ગિસ્તાન | (C) |
| 6. | તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર નીચેનામાંથી કોને 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવશે ?<br>(A) શ્રી અમિતાભ બચ્ચન (B) શ્રી રજનીકાંત<br>(C) શ્રી કેશુભાઈ પટેલ (D) શ્રી લાલ કૃષ્ણ અડવાણી | (D) |
| 7. | તાજેતરમાં સુશ્રી રિતુ બિહારી કયા રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે ?<br>(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) કર્ણાટક (D) કેરળ | (B) |
| 8. | ભારતના ગગનયાન મિશન પહેલા ______ નામના મહિલા રોબટને અવકાશમાં મોકલવામાં આવશે.<br>(A) વ્યોમમિત્ર (B) ભારતી (C) અન્વેશ્વરી (D) પ્રિયાંશી | (A) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રેમી એવોર્ડ 2024

તાજેતરમાં લોસ એન્જલસમાં 66માં ગ્રેમી એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં તબલાવાદક શ્રી ઝાકિર હુસૈન અને ગાયક શ્રી શંકર મહાદેવનના ફ્યુઝન મ્યુઝિક ગ્રુપ શક્તિએ 'ધીસ મોમેન્ટ' માટે શ્રેષ્ઠ વૈશ્વિક સંગીત આલ્બમ માટે 66મો ગ્રેમી એવોર્ડ (2024) જીત્યો છે.
- ઉસ્તાદ ઝાકીર હુસૈન, ગાયક શંકર મહાદેવન, જોન મેકલોધોલીન, શ્રી ગણેશ રાજગોપાલન અને શ્રી વી. સેલવાગણેશ વિનાયકમનો સમાવેશ કરતી શક્તિએ તેમના આલ્બમ 'ધીસ મોમેન્ટ' માટે આ એવોર્ડ જીત્યો છે.
- શ્રી ઝાકિર હુસૈને સમારંભમાં વધારાની જીત મેળવી હતી, જેણે વધુ બે ગ્રેમી એવોર્ડ જીત્યા હતા.
- પ્રથમ તેણે 'પશ્તો' સાથે બેસ્ટ ગ્લોબલ મ્યુઝિકનો એવોર્ડ જીત્યો હતો અને બીજો બેસ્ટ કન્ટેમ્પરરી ઈન્સ્ટ્રુમેન્ટલ આલ્બમ 'એઝ વી સ્પીક' માટે મળ્યો હતો.
- આ આલ્બમમાં ભારતીય વાંસળીવાદક શ્રી રાકેશ ચૌરસિયા પણ છે, જે પ્રસિદ્ધ વાંસળીવાદક હરિપ્રસાદ ચૌરસિયાના ભત્રીજા છે.

### ગ્રેમી એવોર્ડ

ગ્રેમી એવોર્ડ સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ આપવામાં આવે છે.



- તે યુનાઈટેડ સ્ટેટ્સના 'સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ'ને માન્યતા આપવા માટે રેકોર્ડિંગ એકેડેમી દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કારોની ટ્રોફીમાં સોનેરી ગ્રામોફોન દર્શાવવામાં આવ્યો છે.
- પ્રથમ ગ્રેમી એવોર્ડ સમારોહ 4 મે, 1959ના રોજ યોજાયો હતો.

નોંધ : ભારતીય વ્યક્તિમાં આ એવોર્ડ સૌપ્રથમ શ્રી રવિશંકરને મળ્યો હતો.

## યમનના વડાપ્રધાન : અહેમદ અવદ બિન મુબારક



યમનની પ્રેસિડેન્શિયલ લીડરશિપ કાઉન્સિલે યમનના વડાપ્રધાન તરીકે શ્રી અહેમદ અવદ બિન મુબારકની નિમણૂક કરી છે.

- આ નિમણૂક નિર્ણાયક સમયે કરવામાં આવી છે કારણ કે યમનને તણાવ અને સુરક્ષા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.
- અહેમદ અવદ બિન મુબારક યમનની રાજનીતિમાં એક અગ્રણી વ્યક્તિ છે.

## યમન વિશે

યમનને સત્તાવાર રીતે યમન પ્રજાસત્તાક તરીકે ઓળખવામાં આવે છે. તે પશ્ચિમ એશિયાનો એક દેશ છે.




- તે અરબી દ્વીપકલ્પના દક્ષિણ છેડે આવેલો છે અને ઉત્તરમાં સાઉદી અરેબિયા અને ઉત્તરપૂર્વમાં ઓમાનની સરહદ સાથે જોડાયેલ છે.
- યમન એ અરબી દ્વીપકલ્પમાં બીજું સૌથી મોટું આરબ સાર્વભૌમ રાજ્ય છે.
- તેની રાજધાની અને સૌથી મોટું શહેર સના છે.

## રશિયન અવકાશયાત્રી શ્રી ઓલેગ કોનોનેન્કોએ અવકાશમાં સૌથી વધુ સમય વિતાવવાનો નવો રેકોર્ડ બનાવ્યો

4 ફેબ્રુઆરી, 2024ના રોજ રશિયન અવકાશયાત્રી શ્રી ઓલેગ કોનોનેન્કોએ અવકાશમાં સૌથી વધુ સમય વિતાવવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

- શ્રી ઓલેગ કોનોનેન્કોએ અવકાશમાં 878 દિવસ અને 12 કલાકથી વધુ સમય વિતાવ્યો છે.
- તેમણે રશિયાના જ શ્રી ગેન્નાડી પડાલ્કાનો રેકોર્ડ તોડ્યો હતો. જેમણે 2015માં 878 દિવસ, 11 કલાક, 29 મિનિટ અને 48 સેકન્ડનો રેકોર્ડ બનાવ્યો હતો.
- શ્રી ઓલેગ કોનોનેન્કોએ 5 જૂન, 2024ના રોજ 1000 દિવસ સુધી અવકાશમાં સમય પસાર કરશે તેવી અપેક્ષા છે.
- તેઓ હાલમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પરના તેમના પાંચમા લાંબા–ગાળાના મિશન પર છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગ્રેમી એવોર્ડ' સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. વર્ષ 2024માં 66માં ગ્રેમી એવોર્ડ સમારોહનું આયોજન લોસ એન્જલસમાં થયું હતું.
2. વર્ષ 2024માં ઝાકીર હુસૈન, શંકર મહાદેવન, રાકેશ ચૌરસિયા, વી.સેલ્વાગણેશ અને રાજ ગોપાલન જેવા ભારતીયોને આ એવોર્ડ મળ્યો છે.
3. ગ્રેમી એવોર્ડ સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ આપવામાં આવે છે.
4. ભારતીય વ્યક્તિમાં આ એવોર્ડ સૌપ્રથમ 1960માં લતા મંગેશકરને મળ્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4

(C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

---

2. તાજેતરમાં યમનના નવા વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) અહેમદ અવદ બિન મુબારક (B) મૈન અબ્દુલમલીક સઈદ

(C) મોહમ્મદ બાસિન્દવા (D) મહમ્મુદ અંસારી **(A)**

---

3. 'સના' કયા દેશનું સૌથી મોટું શહેર અને રાજધાની છે ?

(A) લાઓસ (B) લેબનોન (C) મંગોલિયા (D) યમન **(D)**

---

4. તાજેતરમાં અવકાશમાં સૌથી વધુ સમય વિતાવવાનો વિશ્વ વિક્રમ કોણે બનાવ્યો છે ? (ફેબ્રુઆરી, 2024ની સ્થિતિએ)

(A) શ્રી ગેન્નાડી પડલકા (B) શ્રી વ્લાદીમીર શાતાલોવ

(C) શ્રી ઓલેગ કોનોનેન્કો (D) શ્રી નિકોલોઈ શતાલોવ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Public Examinations (Prevention of Unfair Means) Bill, 2024

તાજેતરમાં 'જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) બિલ, 2024' (Public Examinations (Prevention of Unfair Means) Bill, 2024) લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

- જેનો ઉદ્દેશ્ય 'જાહેર પરીક્ષા પ્રણાલીમાં વધુ પારદર્શિતા, નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા લાવવા માટે'અયોગ્ય માધ્યમોને રોકવાનો છે.
- એટલે કે આ બિલનો હેતુ ભરતી પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓમાં પેપર લીક અને છેતરપિંડીને રોકવાનો છે.
- કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્રસિંહ દ્વારા આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

### બિલની મુખ્ય જોગવાઈઓ

#### જાહેર પરીક્ષાને વ્યાખ્યાયિત

કલમ 2(K) હેઠળ જાહેર પરીક્ષાને બિલની સૂચિ અથવા કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કોઈપણ અન્ય સત્તાધિકારમાં સૂચિબદ્ધ 'જાહેર પરીક્ષા સત્તાધિકારી' દ્વારા લેવામાં આવતી કોઈપણ પરીક્ષા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

- શેડ્યૂલમાં પાંચ જાહેર પરીક્ષા સત્તાધિકારીઓ, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC), સ્ટાફ સિલેકશન કમિશન (SSC), રેલવે ભરતી બોર્ડ (RRB), ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કિંગ પર્સનલ સિલેકશન (IBPS), નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની યાદી છે.
- NTA JEE (Main), NEET-UG, UGC-NET, કોમન યુનિવર્સિટી એન્ટ્રસ ટેસ્ટ (CUET) જેવી પરીક્ષાઓનું આયોજન કરે છે.
- આ નિયુક્ત જાહેર પરીક્ષા સત્તાવાળાઓ સિવાય 'કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અથવા વિભાગો અને કર્મચારીઓની ભરતી માટે તેમની સંલગ્ન અને ગૌણ કચેરીઓ' પણ નવા કાયદાના દાયરામાં આવશે.
- જો જરૂરી હોય તો કેન્દ્ર સરકાર સૂચના દ્વારા સૂચિમાં નવા સત્તાવાળાઓને ઉમેરી શકે છે.

#### સજા

આ બિલની કલમ 9 જણાવે છે કે તમામ ગુનાઓ કોગ્નિઝેબલ, બિનજામીનપાત્ર અને નોન–કમ્પાઉન્ડેબલ હશે.

- કોગ્નિઝેબલ ગુનાઓમાં મેજિસ્ટ્રેટની પરવાનગી વિના કેસની તપાસ કરવાની પોલીસની ફરજ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નોન–કમ્પાઉન્ડેબલ ગુનો એવો છે કે જેમાં ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયું હોય અને ટ્રાયલ આગળ વધવી જોઈએ તો પણ ફરિયાદી દ્વારા કેસ પાછો ખેંચી શકાતો નથી.
- આનો અર્થ એ થયો કે વોરંટ વિના ધરપકડ કરી શકાય છે અને જામીન એ અધિકારક્ષેત્રનો વિષય રહેશે નહીં, તેના બદલે મેજિસ્ટ્રેટ નક્કી કરશે કે આરોપીને જામીન પર મુક્ત કરી શકાય કે કેમ
- 'કોઈપણ વ્યક્તિ અથવા અન્યાયી માધ્યમો અને અપરાધોનો આશરો લેનાર વ્યક્તિ' માટે સજા ત્રણથી પાંચ વર્ષની જેલ અને 10 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.
- જો ગુનેગાર દંડ ભરવામાં નિષ્ફળ જશે તો ભારતીય ન્યાય સંહિતા, 2023ની જોગવાઈઓ અનુસાર વધારાની કેદની સજા આપવામાં આવશે.

## સેવા પ્રદાતાઓ માટે સજા

પરીક્ષાઓ યોજવા માટે જાહેર પરીક્ષા સત્તાધિકારી દ્વારા નિમણૂક કરાયેલ સેવા પ્રદાતાને પણ 1 કરોડ રૂપિયા સુધીના દંડની સજા થઈ શકે છે તથા પાંચથી દસ વર્ષની જેલ થઈ શકે છે. અને જો સેવા પ્રદાતા ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હશે તો તેની પાસેથી પરીક્ષાના પ્રમાણસર ખર્ચ પણ વસૂલવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્યાયી માધ્યમોની વ્યાખ્યા

આ બિલ અથવા અધિનિયમની કલમ 3 ઓછામાં ઓછા 15 અધિનિયમોની યાદી આપે છે જે નાણાકીય અથવા અન્યાયી લાભ માટે જાહેર પરીક્ષાઓમાં અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરવા સમાન છે.

- આ કૃત્યોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

  પ્રશ્નપત્ર અથવા આન્સર કી અથવા તેનો ભાગ લીક કરવો અને સત્તા વિના પ્રશ્નપત્ર અથવા ઓપ્ટિકલ માર્ક રેકગ્નિશન (OMR) પ્રતિસાદ પત્રકનો કબજો મેળવવો, જાહેર પરીક્ષા દરમિયાન કોઈપણ અનધિકૃત વ્યક્તિ દ્વારા પ્રશ્નોના ઉકેલ પૂરા પાડવા.
- આ વિભાગમાં ઉમેદવારોની શોર્ટ–લિસ્ટિંગ અથવા ઉમેદવારના મેરિટ અથવા રેન્કને અંતિમ રૂપ આપવા માટે જરૂરી દસ્તાવેજ સાથે ચેડા કરવાની પણ સૂચિ છે – કમ્પ્યૂટર નેટવર્ક અથવા કમ્પ્યૂટર સિસ્ટમ સાથે ચેડા કરવા, છેતરપિંડી અથવા નાણાકીય લાભ માટે નકલી વેબસાઈટ બનાવવી અને નકલી એડમિટ કાર્ડ અથવા ઓફર લેટર જારી કરવું એ ગેરકાયદેસર કૃત્ય છે.

## તપાસ અને અમલ

બિલમાં કહેવામાં આવ્યું છે કે સૂચિત કાયદા હેઠળના ગુનાઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષક અથવા મદદનીશ પોલીસ કમિશનરના સ્તરથી નીચેના અધિકારીઓ દ્વારા કરવામાં આવશે નહીં

## રાજ્યો માટે મોડલ ડ્રાફ્ટ

આ બિલ રાજ્યો દ્વારા તેમના વિવેકબુદ્ધિથી અપનાવવા માટેના એક મોડેલ ડ્રાફ્ટ તરીકે પણ કામ કરશે, જેનો ઉદ્દેશ્ય રાજ્યોને ગુનાહિત તત્ત્વોને તેમની રાજ્ય–સ્તરની જાહેર પરીક્ષાઓમાં ખલેલ પહોંચાડવાથી રોકવામાં મદદ કરવાના છે.

## ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય તકનીકી સમિતિ

જાહેર પરીક્ષાઓ પર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેક્નિકલ સમિતિની રચના કરવામાં આવશે.

- આ સમિતિ ડિજિટલ પ્લેટફોર્મને સુરક્ષિત કરવા માટે પ્રોટોકોલ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- તે સુવ્યવસ્થિત IT સુરક્ષા સિસ્ટમોને અમલમાં મુકવા માટે વ્યૂહરચના ઘડશે.
- આ સમિતિ IT અને ભૌતિક માળખાગત બંનેના સંબંધોમાં રાષ્ટ્રીય સેવા અને ધોરણોના સ્તર બનાવશે.
- કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે આ ધોરણો પરીક્ષાઓના સંચાલનમાં લાગુ કરવામાં આવશે.

## શા માટે આ બિલ લાવવાની ફરજ પડી ?

તાજેતરના વર્ષોમાં દેશભરમાં ભરતી પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર લીક થવાના મોટી સંખ્યામાં કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

- છેલ્લા પાંચ વર્ષમાં 16 રાજ્યોમાં પેપર લીકની ઓછામાં ઓછી 48 ઘટનાઓ બની છે, જે સરકારી નોકરીઓ માટેની ભરતી પ્રક્રિયાને અવરોધે છે.
- તેના કારણે લગભગ 1.2 લાખ પદો માટે ભરતીને કારણે 1.51 કરોડ અરજદારોના જીવનને અસર થઈ છે.
- જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિઓ વિલંબ તરફ દોરી જાય છે અને પરીક્ષાઓ રદ કરે છે, જેનાથી લાખો યુવાનોની સંભાવનાઓને પ્રતિકૂળ અસર કરે છે.
- હાલમાં અપનાવવામાં આવેલી અન્યાયી પ્રથાઓ અથવા ગુનાઓ સાથે વ્યવહાર કરવા માટે કોઈ ચોક્કસ નક્કર કાયદો નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પરીક્ષા પ્રણાલીમાં નબળાઈઓનું શોષણ કરતા અસામાજિક તત્ત્વોને ઓળખવા અને વ્યાપક કેન્દ્રીય કાયદા દ્વારા અસરકારક રીતે તેમને સંબોધવા મહત્ત્વપૂર્ણ છે.
- ખરડાનો ઉદ્દેશ્ય જાહેર પરીક્ષા પ્રણાલીમાં વધુ પારદર્શિતા, નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા લાવવાનો છે અને યુવાનોને ખાતરી આપવાનો છે કે તેમના પ્રામાણિક અને સાચા પ્રયાસો માટે યોગ્ય પુરસ્કારો સાથે તેમનું ભવિષ્ય સુરક્ષિત થશે.

## શ્રી શેરિંગ તોબગે ભૂટાનના વડાપ્રધાન તરીકે ચૂંટાયા



તાજેતરમાં ભૂટાનમાં સંસદીય ચૂંટણીમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીનો વિજય થયો છે.

- આ સાથે ભારત તરફી વલણ ધરાવતા શ્રી ત્શેરિંગ તોબગે વડાપ્રધાન બન્યા છે.
- નોંધનીય છે કે શ્રી શેરિંગ તોબગે બીજી વખત ભૂટાનના વડાપ્રધાન બન્યા છે.
- અગાઉ તેમણે વર્ષ 2013 થી 2018 સુધી ભૂટાનના વડાપ્રધાન પદે સેવા આપી હતી.
- જ્યારે આ અગાઉ શ્રી લોટે શેરિંગ નવેમ્બર, 2018 થી નવેમ્બર, 2023 સુધી ભૂટાનના વડાપ્રધાન પદે હતા.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'Public Examinations (Prevention of Unfair Means) Bill, 2024' લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

   1. આ બિલનો હેતુ ભરતી પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓમાં પેપર લીક અને છેતરપિંડીને રોકવાનો છે.
   2. આ બિલમાં જણાવ્યા મુજબ પેપર લીક કરનાર કોઈપણ વ્યક્તિ અથવા અન્યાયી માધ્યમો અને અપરાધોનો આશરો લેનાર વ્યક્તિને ત્રણ વર્ષથી પાંચ વર્ષની જેલની સજા અને 10 લાખ સુધીનો દંડ થઈ શકે છે.
   3. આ બિલમાં જણાવ્યા મુજબ જાહેર પરીક્ષાઓ પર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેક્નિકલ સમિતિની રચના કરવામાં આવશે.
   4. આ બિલની કલમ 8માં જણાવ્યા મુજબ ભારતમાં 6 ઝોનમાં 6 ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4

   (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

2. તાજેતરમાં ભૂટાનના વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાયું છે ?

   (A) શ્રી શેરિંગ તોબગે (B) શ્રી શેરિંગ જેંગશે

   (C) શ્રી લોકનાથ શર્મા (D) શ્રી લ્યોનપો દોરજી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમેરિકામાં મૃત્યુદંડની સજા માટે નાઈટ્રોજન ગેસનો ઉપયોગ

તાજેતરમાં અમેરિકામાં એક વ્યક્તિને નાઈટ્રોજન ગેસનો ઉપયોગ કરીને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી, 1982 બાદ પ્રથમ વખત આવી રીતે મૃત્યુદંડની સજા આપવામાં આવી છે.

- મૃત્યુદંડ માટે નાઈટ્રોજન ગેસનો ઉપયોગ થવાથી સ્થાનિક રહેવાસીઓમાં આક્રોશ ફેલાયો હતો.
- અને મૃત્યુદંડની સજાના નૈતિક અને કાનુની પાસાઓ પર ચર્ચાઓ શરૂ થઈ હતી.
- હાયપોકિસયા અથવા ઓક્સિજનનો અભાવ નાઈટ્રોજન ગેસને કારણે થાય છે. અને તેનો ઉપયોગ મૃત્યુદંડની પદ્ધતિ તરીકે થાય છે, પરિણામે ગુનેગાર બેભાન થઈ જાય છે અને અંતે મૃત્યુ પામે છે.
- આ પ્રક્રિયામાં સામાન્ય રીતે સંબંધિત વ્યક્તિને હવા મુક્ત રૂમમાં બેસાડવામાં આવે છે અથવા તેના ચહેરા પર માસ્ક પહેરવામાં આવે છે જેના દ્વારા નાઈટ્રોજન ગેસ પમ્પ કરવામાં આવે છે.
- શ્વસન દ્વારા વ્યક્તિ નાઈટ્રોજનના સંપર્કમાં આવતાની સાથે જ નાઈટ્રોજન તેના ફેફસામાં હાજર ઓક્સિજનને શોષી લે છે, જેના કારણે લોહીના પ્રવાહ અને મગજમાં ઓક્સિજનની ઉણપ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી જસપ્રીત બુમરાહ ત્રણેય ફોર્મેટમાં નંબર-1 બનનાર પ્રથમ પેસ બોલર



ભારતીય ક્રિકેટ ટીમના ઝડપી બોલર શ્રી જસપ્રીત બુમરાહએ ઈંગ્લેન્ડ સામેની વિશાખાપટ્ટનમ ટેસ્ટ મેચમાં તેમના શાનદાર પ્રદર્શન બાદ ICC મેન્સ ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચ્યો છે.

- આ પહેલા શ્રી આર.અશ્વિન નંબર-1 ટેસ્ટ બોલર હતો.
- શ્રી જસપ્રીત બુમરાહ અગાઉ વન–ડે અને T-20 ક્રિકેટમાં પણ પ્રથમ સ્થાને રહી ચૂક્યા છે.
- આ સાથે શ્રી જસપ્રીત બુમરાહે ત્રણેય ફોર્મેટમાં નંબર-1 ક્રમે પહોંચનાર વિશ્વના પ્રથમ બોલર બનવાની સિદ્ધિ મેળવી છે.

# CBSE દ્વારા ક્રેડિટ સિસ્ટમની રજૂઆત

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), 2020 દ્વારા ભલામણ કરાયેલ ક્રેડિટ સિસ્ટમને અમલમાં મૂકવાની તેની યોજનાના ભાગરૂપે ધોરણ 9, 10, 11 અને 12ના શૈક્ષણિક માળખામાં નોંધપાત્ર ફેરફારોનું આયોજન કરી રહ્યું છે.

- આ પગલાનો હેતુ એક સંકલિત માળખું રજૂ કરીને શિક્ષણના લેન્ડસ્કેપમાં ક્રાંતિ લાવવાનો છે જે વ્યાવસાયિક અને સામાન્ય શિક્ષણ વચ્ચેના અંતરને દૂર કરવાનો છે.

## ક્રેડિટ સિસ્ટમ શું છે ?

ક્રેડિટ સિસ્ટમ એ વિદ્યાર્થીની શીખવાની ક્ષમતાને માપવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે શિક્ષણમાં વપરાતી પદ્ધતિ છે.

- તે વિવિધ અભ્યાસક્રમો અથવા શીખવાની પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા અને વિષયની નિપુણતા દર્શાવવા માટે જરૂરી સમય અને પ્રયત્નોના આધારે સંખ્યાત્મક મૂલ્ય અસાઈન કરે છે, જે ક્રેડિટ તરીકે ઓળખાય છે.
- NEP 2020 મુજબ ક્રેડિટ સિસ્ટમનો ઉદ્દેશ્ય વ્યાવસાયિક અને સામાન્ય શિક્ષણ વચ્ચે શૈક્ષણિક સમાનતા સ્થાપિત કરવાનો તેમજ બે શિક્ષણ પ્રણાલીઓ વચ્ચે ગતિશીલતાની સુવિધા આપવાનો છે.
- તેને અમલમાં મૂકવા માટે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) વર્ષ 2022માં ઉચ્ચ શિક્ષણ સત્તામંડળ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.
- NCRF એ શાળાઓ અને ઉચ્ચ શિક્ષણમાં તાલીમ અને કૌશલ્ય વિકાસના એકીકરણ માટે એક સંકલિત ક્રેડિટ ફ્રેમવર્ક છે.

## CBSE

CBSEનું પૂરું નામ 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન' (કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ) છે.

- CBSEની સ્થાપના 3 નવેમ્બર, 1962ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક 'શિક્ષા કેન્દ્ર' નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'અસતો મા સદ્દ્ગમય' છે.
- CBSEની વેબસાઈટનું નામ www.cbse.nic.in છે.
- CBSE દ્વારા હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે.
- CBSE ભારતના શાળાકીય શિક્ષણનું મુખ્ય બોર્ડ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ: (1) ભારતમાં સૌપ્રથમ 1921માં 'ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયા એજ્યુકેશન બોર્ડ'ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતમાં સ્થપાયેલું આ પ્રથમ શિક્ષણ બોર્ડ હતું. રાજપૂતાના, મધ્યભારત અને ગ્વાલિયર તેના અધિકાર ક્ષેત્રમાં આવતા હતા.

(2) ત્યારબાદ ભારતના તમામ ક્ષેત્રો માટે ઈ.સ. 1929માં એક સંયુક્ત બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. તેને 'બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયેટ એજ્યુકેશન રાજપૂતાના' નામ આપવામાં આવ્યું હતું.

(3) ત્યારબાદ ઈ.સ. 1952માં રાજપૂતાના બોર્ડના ક્ષેત્રોમાં વધારો કરીને તેને વર્તમાન નામ CBSE આપવામાં આવ્યું.

(4) અને અંતે 3 નવેમ્બર, 1962ના રોજ CBSEનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

## CBSE દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ

CBSE દ્વારા ધોરણ 1 થી 12 સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે. અને તેના દ્વારા નીચેની પરીક્ષાઓ લેવામાં આવે છે :

(1) ધોરણ 10 માટે AISSE (ઓલ ઈન્ડિયા સેકન્ડરી સ્કૂલ એક્ઝામ્સ)

(2) ધોરણ 12 માટે AISSCE (ઓલ ઈન્ડિયા સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામ્સ)

(3) એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે AIEEE (ઓઈ ઈન્ડિયા એન્જિનિયરિંગ એન્ટ્રસ એક્ઝામ્સ). તેને JEE-Main તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) મેડિકલમાં પ્રવેશ માટે AIPMT (ઓલ ઈન્ડિયા પ્રી–મેડિકલ ટેસ્ટ)

નોંધ : ઉપરોક્ત એક્ઝામ ઉપરાંત CBSE ઘણી એન્ટ્રસ ટેસ્ટ અને અન્ય પરીક્ષાનું પણ આયોજન કરે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશમાં મૃત્યુદંડની સજા માટે નાઈટ્રોજન ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?

   (A) અમેરિકા (B) મ્યાનમાર (C) ઈરાન (D) શ્રીલંકા — (A)

2. નીચેના પૈકી કયો બોલર ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં નંબરવન બોલર રહી ચૂક્યો છે ?

   (A) શ્રી આર.અશ્વિન (B) શ્રી જસપ્રીત બુમરાહ
   (C) શ્રી ઝહિર ખાન (D) શ્રી હરભજન સિંઘ — (B)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'CBSE' બોર્ડનું પૂરું નામ જણાવો ?

   (A) Central Board for Secondary Education
   (B) Central Board of Secondary Examination
   (C) Central Board of Secondary Education
   (D) Central Board for Secondary Examination — (C)

4. CBSEનું આદર્શ (ધ્યેય) વાક્ય શું છે ?


   (A) અસતો મા સદ્ગમય (B) શ્રદ્ધાવન લભતે જ્ઞાનમ
   (C) સર્વત્ર વિદ્યા વર્ધતે પ્રજા (D) સા વિદ્યા વિમુક્તયે — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day)

સમગ્ર વિશ્વમાં દાળોના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- યુનાઈટેડ નેશન્સના '**Food and Agriculture Organisation (FAO)**'દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 10 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 20 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.

## દિલ્હીમાં ટ્રાન્સજેન્ડર સમુદાય માટે મફત બસની મુસાફરી

તાજેતરમાં દિલ્હી સરકારે ટ્રાન્સજેન્ડર સમુદાય માટે મફત બસની મુસાફરીની જાહેરાત કરી છે.



- આ નિર્ણય સર્વસમાવેશક જાહેર પરિવહન તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું દર્શાવે છે.
- ટૂંક સમયમાં કેબિનેટ દ્વારા આ અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે અને તેનો અમલ કરવામાં આવશે.
- નોંધનીય છે કે આ અગાઉ દિલ્હીમાં બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી યોજના ઓક્ટોબર 2019માં શરૂ થઈ હતી.

## ગૂજરાત વિદ્યાપીઠના 17મા કુલપતી તરીકે ડો. હર્ષદ પટેલની નિમણૂક

તાજેતરમાં ગૂજરાત યુનિવર્સિટીના કુલપતી તરીકે ડો. હર્ષદ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

- રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડો. હર્ષદ પટેલની નિમણૂક કરી છે.
- ડો. હર્ષદ પટેલ કાર્યકાર સંભાળે ત્યારથી પાંચ વર્ષની મુદત માટે તેમની નિમણૂક કરવામાં આવી છે.
- નોંધનીય છે કે ડો. હર્ષદ પટેલ ગૂજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં છેલ્લા ત્રણ વર્ષથી સેવાઓ આપી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના 18 ઓક્ટોબર, 1920ના રોજ મહાત્મા ગાંધીજી દ્વારા કરવામાં આવી હતી.

(2) વર્ષ 1920માં ગૂજરાત વિદ્યાપીઠ કોચરબ આશ્રમની પાછળ ડાહ્યાભાઈ મહેતાના બંગલામાં શરૂ કરવામાં આવી હતી.

(3) ગૂજરાત વિદ્યાપીઠનો motto સા વિદ્યા યા વિમુક્તે છે.




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ દાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ફેબ્રુઆરી (B) 9 ફેબ્રુઆરી (C) 10 ફેબ્રુઆરી (D) 11 ફેબ્રુઆરી — (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
(A) 2007 (B) 2017 (C) 2018 (D) 2019 — (D)

3. તાજેતરમાં કયા શહેરમાં ટ્રાન્સજેન્ડર સમુદાય માટે મફત બસ મુસાફરીની જાહેરાત કરવામાં આવી હતી ?
(A) લખનૌ (B) ઈન્દોર (C) દિલ્હી (D) જયપુર — (C)

4. તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતી તરીકે નીચેનામાંથી કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ડો. અરવિંદ શુક્લા (B) ડો. રજનીશ પટેલ
(C) ડો. જયદીપ પિત્રોડા (D) ડો. હર્ષદ પટેલ — (D)

# NEWS IN SHORTS

## ગુજરાત


➤ **આદિકવિ નરસિંહ મહેતાના જીવન-કવન આધારિત વર્ચ્યુઅલ મ્યુઝિયમ બનશે.**

ગુજરાતી સાહિત્ય વધુ ઊંચાઈએ પહોંચે અને લોકભાગ્ય બને તેની ઉપર શોધ–સંશોધન થાય તે મુદ્દે પણ ગુજરાત સરકાર કાર્ય કરી રહી છે. જેની પ્રતીતિરૂપે તાજેતરમાં જૂનાગઢમાં રૂ.15 કરોડના ખર્ચે નિર્મિત થનાર આદિકવી નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રના ભવનનું પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ ખાતમુહૂર્ત કર્યુ હતું. આ સંશોધન કેન્દ્રમાં આદિકવિ નરસિંહ મહેતાના સાહિત્ય પર રિસર્ચ થવાની સાથે તેમના જીવન–કવનને વણી લેતુ વર્ચ્યુઅલ મ્યૂઝિયમ પણ બનશે. ગુજરાત સાહિત્ય અકાદમી–ગાંધીનગર અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આ પ્રકલ્પ નિર્માણ પામશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **કામાખ્યા મંદિર કોરિડોર પ્રોજેક્ટ**



કામાખ્યા દિવ્યલોક પ્રોજેક્ટ એ ગુવાહાટી, આસામમાં આવેલા કામાખ્યા મંદિર માટે મંદિર કોરિડોર પ્રોજેક્ટ છે. તેને કેન્દ્ર સરકાર રૂ.498 કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ શક્તિ મંદિરના તીર્થયાત્રાના અનુભવના સંપૂર્ણ પરિવર્તનની ખાતરી કરશે, તેનાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આકર્ષાશે અને ઉત્તર–પૂર્વમાં પ્રવાસનને વેગ મળશે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટ કોરિડોરમાં બગીચો, મંદિર સંકુલની આસપાસ માળખાકીય સુવિધાનું અપગ્રેડેશન, બહેતર રસતાઓ, વાહનવ્યવહાર સુવિધાઓ સાથે મંદિર સાથે વધુ સારી કનેક્ટિવિટી, મંદિરના સ્થાપત્ય અને આસપાસના વિસ્તારોનું બ્યૂટિફિકેશન, ભક્તો માટે ક્લોક રૂમ, વેઈટિંગ એરિયા, રેસ્ટોરન્ટ જેવી વગેરે સુવિધાઓનો સમાવેશ થાય છે.

**➤ ભારતે એફિલ ટાવર ખાતે વૈશ્વિક સ્તરે UPI પેમેન્ટ સિસ્ટમ લોન્ચ કરી**


નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)નું યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) ઔપચારિક રીતે 2 ફેબ્રુઆરી, 2024ના રોજ પેરિસના એફિલ ટાવર ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું. UPIને ગ્લોબલ લેવા માટે આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે પેરિસમાં આ લોન્ચ ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી સાથે એકરૂપ હતું. NPILએ ફ્રાન્સમાં UPI ચૂકવણીને સક્ષમ કરવા માટે ફ્રેન્ચ ઈ–કોમર્સ અને પેમેન્ટ્સ કંપની Cyra સાથે ભાગીદારી કરી છે. નોંધનીય છે કે એફિલ ટાવરની મુલાકાત લેનારાઓમાં ભારતીય પ્રવાસીઓ બીજા નંબરે છે.

**➤ ભારતીય વાયુસેના રાજસ્થાનમાં વાયુશક્તિ-24 કવાયત હાથ ધરશે**

ભારતીય વાયુસેના (IAF) 17 ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનમાં વાયુ શક્તિ-24 નામની મોટી કવાયત હાથ ધરશે. આ કવાયત દિવસ અને રાત્રીના ઓપરેશન દરમિયાન ભારતીય વાયુસેનાની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓનું પ્રદર્શન કરશે. વાયુશક્તિ-24માં 77 ફાઈટર એરક્રાફ્ટ સહિત 120થી વધુ એરક્રાફ્ટ ભાગ લેશે. આ પ્લેટફોર્મમાં રાફેલ ફાઈટર એરક્રાફ્ટ, મિરાજ-2000, સુખોઈ MKI, લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ, જગુઆર, ચિનુક હેવી–લિફ્ટ હેલિકોપ્ટર, માનવરહિત હવાઈ વાહનો અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમનો સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**➤ ભારત ઊર્જા સપ્તાહ 2024**




ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગોવામાં ઈન્ડિયા એનર્જી વીક (IEW) 2024 અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ સી સર્વાઈલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. અને ડેવલપ ઈન્ડિયા, ડેવલપ ગોવા 2047 પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. ગોવામાં 6 થી 9 ફેબ્રુઆરી દરમિયાન ઈન્ડિયા એનર્જી વીક 2024નું આયોજન કરવામાં આવ્યું છે. તે દેશમાં એકમાત્ર ઊર્જા પ્રદર્શન અને પરિષદ છે જે સમગ્ર ઊર્જા મૂલ્ય શૃંખલાને એક પ્લેટફોર્મ પૂરું પાડે છે અને ભારતમાં ઊર્જા સંક્રમણ લક્ષ્યો માટે ઉત્પ્રેરક તરીકે કાર્ય કરશે. આ ઈવેન્ટ ટકાઉ ઊર્જા વિકાસમાં સહકાર અને જ્ઞાનની વહેંચણી પર ધ્યાન કેન્દ્રિત કરીને ઊર્જા ક્ષેત્રે વૈશ્વિક સહકાર પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. IEW 2024 મુખ્યત્વે ઊર્જા મૂલ્ય શૃંખલામાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવા, પ્રોત્સાહન આપવા અને એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. IEWમાં વિશ્વના ત્રીજા સૌથી મોટા ઊર્જા, LPG ગ્રાહક તેમજ ચોથા સૌથી મોટા લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) આયાતકાર અને રિફાઈનર તરીકે ભારતની સ્થિતિને પ્રકાશિત કરવામાં આવી હતી.

# વિશ્વ

## ➤ ફ્રાન્સ યુરોપિયન યુનિયનમાં ડિજિટલ શેંગેન વિઝા આપનાર પ્રથમ દેશ બન્યો

1 જાન્યુઆરી, 2024થી ફ્રાન્સે ડિજિટલ શેંગેન વિઝા ઈશ્યુ કરવાની શરૂઆત કરી છે. જે ડિજિટલ શેંગેન વિઝા ઈશ્યૂ કરનાર યુરોપિયન યુનિયન (EV)માં પહેલો દેશ બન્યો છે. આ પગલું 2026 માટે નિર્ધારિત શેંગેન વિઝા પ્રક્રિયાઓના અપેક્ષિત સંપૂર્ણ ડિજિટલાઈઝેશનથી આગળ આવ્યું છે. પેરિસમાં 2024 ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સની તૈયારીમાં, ફ્રેન્ચ સત્તાવાળાઓ અંદાજે 70,000 ડિજિટલ વિઝાનું વિતરણ કરવાની યોજના ધરાવે છે.

## ➤ મંગળ પરનું હેલિકોપ્ટર ઈન્જેન્યુઈટી કાયમ માટે બંધ

NASAએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેનું મંગળ રોબોટિક હેલિકોપ્ટર ઈન્જેન્યુઈટી, જે અન્ય ગ્રહ પર નિયંત્રિત ઉડાન હાંસલ કરનાર પ્રથમ વાહન હતું. તે ત્રણ વર્ષમાં ડઝનેક વખત ઉડાન ભર્યા પછી કાયમ માટે નિવૃત્ત થઈ ગયું છે. જેના કારણે ઐતિહાસિક મિશનનો અંત આવ્યો છે, જે તમામ અપેક્ષાઓ કરતા વધી ગયો છે. ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટરને નાસાના પર્સિવરેન્સ રોવર સાથે જોડીને મંગળ પર મોકલવામાં આવ્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય મૂળના ત્રણ સંશોધકોએ યુવા વિજ્ઞાનીઓ માટે બ્લાવટનિક એવોર્ડ જીત્યો

બ્રિટનમાં યુવા વૈજ્ઞાનિકો માટે પ્રતિષ્ઠિત બ્લાવટનિક પુરસ્કાર પ્રાપ્ત કરનારા નવ વૈજ્ઞાનિકોમાં ત્રણ ભારતીય મૂળના સંશોધકોનો સમાવેશ થાય છે. પુરસ્કારો એવા સંશોધનને ઓળખે છે જે મેડિસિન, ટેક્નોલોજી અને વિશ્વની ત્રણ શ્રેણીઓમાં આપણી સમજને બદલી રહ્યું છે : રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને એન્જિનિયરિંગ તથા જીવ વિજ્ઞાન. પ્રોફેસર રાહુલ આર.નાયર, મેહુલ મલિક અને તન્મય ભરત સહિત પ્રાપ્તકર્તાઓને 27 ફેબ્રુઆરી, 2024ના રોજ લંડનમાં બ્લેક–ટાઈ ગાલા ડિનર અને એવોર્ડ સમારોહમાં સન્માનિત કરવામાં આવશે.

1. ગુજરાત રાજ્યના DGP શ્રી વિકાસ સહાયે કયા સ્થળે પોલીસ એક્સ્પો-2024નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – જૂનાગઢ
2. તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં શ્રી જગદીપ ધનખડે હાજરી આપી હતી ? – ગુજરાત યુનિવર્સિટી
3. એન્ટાર્કટિકામાં કિંગ પેંગ્વિનના મૃત્યુ માટે કયા એવિયન ઈન્ફલ્યુએન્ઝા વાયરસ જવાબદાર હોવાની શંકા છે ? – H5N1
4. કયા ભારતીય રાજ્યએ પર્યાવરણ સંરક્ષણમાં વિક્રમ સ્થાપીને રામસર સાઈટ્સની સૌથી વધુ સંખ્યા હાંસલ કરી છે ? – તમિલનાડુ
5. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યા મુજબ કઈ શૈક્ષણિક સંસ્થાને તેના ઉજ્જૈન કેમ્પસ માટે મંજૂરી મળી છે ? – IIT ઈન્દોર
6. પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમાપન નિમિત્તે દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ સ્ટ્રીટ સમારંભ કઈ તારીખે યોજાય છે ? – 29 જાન્યુઆરી
7. વચગાળાના બજેટ 2024માં કયો દેશ ભારતીય સહાયના ટોચના પ્રાપ્તકર્તા તરીકે જાહેર કરવામાં આવ્યો હતો ? – ભુટાન
8. તાજેતરમાં કયા દેશે તેની સરહદોમાં કોલ્ટન થાપણોની શોધની જાહેરાત કરી હતી ? – કેન્યા
9. તાજેતરમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે કયા દેશને MQ-9B સ્કાય ગાર્ડિયન ડ્રોનના વેચાણને મંજૂરી આપી છે ? – ભારત
10. સરકારની નવી જાહેર કરાયેલ રૂફટોપ સોલાર યોજના હેઠળ લોકો દર મહિને કેટલા યુનિટ મફત વીજળી મેળવવા માટે હકદાર છે ? – 300 યુનિટ
11. PM ગતિશક્તિ સમિટ FICCI અને DPIIT દ્વારા સંયુક્ત રીતે આયોજિત ______ માં યોજાઈ હતી. – નવી દિલ્હી
12. સર્વાઈકલ કેન્સર સામે નિવારક પગલા તરીકે સરકાર કઈ વય જૂથ માટે રસીકરણને પ્રોત્સાહિત કરે છે ? – 9 થી 14 વર્ષ
13. NCPCR દ્વારા બાળ પુનઃસ્થાપન અને પ્રત્યાવર્તન માટે શરૂ કરાયેલ પોર્ટલનું નામ શું છે ? – GHAR

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં પોલીસે સ્માર્ટ પેટ્રોલિંગ માટે સ્વ–સંતુલિત ઇ–સ્કૂટરનો ઉપયોગ શરૂ કર્યો છે ?

– ઉત્તરાખંડ

15. વૈશ્વિક બેંકનું નેતૃત્વ કરનાર પ્રથમ એશિયન કોણ હતા, જેનું તાજેતરમાં 76 વર્ષની વયે નિધન થયું છે ?

– રાણા તલવાર

16. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે ઈન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ (IHCL) કૌશલ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કયા સ્થળે કર્યું છે ?

– એકતા નગર

17. 2023-24ની અંધજન માટે મેન્સ નેશનલ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં કયા રાજ્યએ નાગેશ ટ્રોફી જીતી હતી ?

– કર્ણાટક

18. કઈ શૈક્ષણિક સંસ્થાએ મેક ઈન ઈન્ડિયા પહેલના ભાગરૂપે હ્યુમન DNA બેંક શરૂ કરી છે ?

– બનારસ હિન્દુ યુનિવર્સિટી

19. તાજેતરમાં ભારત સરકારમાં મુખ્ય હાઈડ્રોગ્રાફરની ભૂમિકા કોણે સંભાળી છે ?

– વાઈસ એડમિરલ લોચન સિંહ પઠાનિયા

20. ‘કાશ્મીર : ટ્રાવેલ્સ ઈન પેરેડાઈઝ ઓન અર્થ, 2024’ પુસ્તકના લેખક કોણ છે ? – રોમેશ ભટ્ટાચારજી

21. દર વર્ષે આંતરરાષ્ટ્રીય માનવ બંધુત્વ દિવસ ક્યારે મનાવવામાં આવે છે ? – 4 ફેબ્રુઆરી

22. ઉત્તરાખંડના પ્રથમ મહિલા મુખ્ય સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – રાધા રતુરી

23. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ અલ્પેન્ગ્લો શું છે ?

– સૂર્ય દ્વારા પર્વતીય ઢોળાવને પ્રકાશિત કરતી કુદરતી ઘટના

(આ કુદરતી ઘટના સૂર્યોદય અથવા સૂર્યાસ્ત દરમિયાન થાય છે, પર્વતની ઢોળાવ પર ગુલાબી, લાલ અથવા નારંગી રંગછટા પ્રદર્શન કરે છે)

24. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘વોલ્ટ ટાયફૂન’ શું છે ? – સાયબર હેકિંગ જૂથ

25. તાજેતરમાં સમાચારમાં રહેલ થંથાઈ પેરિયાર વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – તમિલનાડુ

26. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘C-CARES વેબ પોર્ટલ’ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – કોલસા ક્ષેત્ર

27. મેસોલિથિક યુગના રોક ચિત્રો તાજેતરમાં કયા રાજ્યમાં મળી આવ્યા છે ? – તેલંગાણા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલી ‘ડિજિટલ ડિટોક્સ’ પહેલ કયા રાજ્ય સાથે સંકળાયેલી છે ? – કર્ણાટક

29. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે બાળ મજૂરોને બચાવવા માટે ‘ઓપરેશન સ્માઈલ એક્સ’ શરૂ કર્યુ છે ? – તેલંગાણા

30. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ માં કોમનવેલ્થ લીગલ એજ્યુકેશન એસોસિએશન (CLEA) - કોમનવેલ્થ એટર્ની અને સોલિસીટર્સ જનરલ કોન્ફરન્સ 2024નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – નવી દિલ્હી

31. તાજેતરમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ _____ વિકસાવ્યું છે, જે સરકારને વિવિધ સ્ત્રોતોમાંથી આંતકવાદીઓ અને તેમના સહયોગીઓ વિશે માહિતી એકત્ર કરવામાં મદદ કરે છે. અને સંકલન કરવાનું કામ કરે છે. – નેશનલ ટેરરિઝમ ડેટા ફ્યુઝન એન્ડ એનાલિસિસ સેન્ટર (NTDFAC)

32. 4 ફેબ્રુઆરી, 2024ના રોજ શ્રીલંકાએ તેનો કેટલામો સ્વતંત્ર દિવસ ઉજવ્યો હતો ? – 76મો

33. કયો દેશ હાલમાં હીટવેવ અને તીવ્ર જંગલની આગનો સામનો કરી રહ્યો છે, જેના પરિણામે કટોકટીની ઘોષણા કરવામાં આવી છે ? – ચિલી

34. વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ કયા શહેરમાં યોજાશે, જેમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંબોધિત કરશે ? – દુબઈ

35. કયા રાજ્યમાં ‘ડ્રગ્સ સામે ધમી અભિયાન’ શરૂ કરવામાં આવ્યું હતું ? – ઉત્તરાખંડ

36. લિંકન યુનિવર્સિટી કોલેજ, મલેશિયાએ કયા રાજ્યમાં કેમ્પસ સ્થાપવા માટે UGCને અરજી કરી છે ? – તેલંગાણા

37. તાજેતરમાં ઈશાન ભારતમાં સૌપ્રથમ નેચરોપેથી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – દિબ્રુગઢ

38. તાજેતરમાં ઈ–વેસ્ટ મેનેજમેન્ટ પર સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)નું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – હૈદરાબાદ

39. તાજેતરમાં _____ ના સંશોધકોએ ઓબિલિસ્ક નામની નવી વાયરસ જેવી એન્ટિટી શોધી કાઢી છે. તે માનવ મોં અને આંતરડાની અંદર મોટી સંખ્યામાં જોવા મળે છે. – સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

40. મહિલા જનન અંગછેદન માટે ઝીરો ટોલરન્સનો આંતરરાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવ્યો હતો ? – 6 ફેબ્રુઆરી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT